# જિલ્લાની પાંચ બેઠકો માટે આજે ૧૩૪૨ બુથો પર મતદાન

## ૮૭ મતદાન મથકો પર વેબકાસ્ટીંગની મદદથી મોનીટરીંગ કરાશે : પાંચ સખી મતદાન મથકો બનાવવામાં આવ્યા છે : ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન ૩૭૫ મંજૂરીઓ આપવામાં આવી છે

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર જિલ્લાની પાંચ વિધાનસભા બેઠકો માટે આજે યોજાનાર મતદાન અંગેની સંપૂર્ણ તૈયારીઓ સંપન્ન થઈ ચુકી છે.

આજે તંત્ર દ્વારા પોલીંગ પાર્ટીઓ રવાના કરી દેવામાં આવી છે. ૧૧ લાખ ૭૦ હજારથી વધુ મતદારો દ્વારા આજે તેમના મતાધિકારનો ઉપયોગ કરવામાં આવનાર છે. જિલ્લામાં ૮૭ મતદાન મથકો પર વેબકાસ્ટીંગથી સીધુ મોનીટરીંગ પણ તંત્ર દ્વારા કરવામાં આવનાર છે.

જિલ્લામાં દરેક બુથ પર આજે સાંજે પાંચ વાગ્યા સુધીમાં પોલીંગ ટીમો પહોંચી ચુકી છે. જિલ્લામાં સ્થાનિક પોલીસ ઉપરાંત હોમગાર્ડ, એસઆરપી તેમજ પેરા મિલીટરી અને જિલ્લા બહારના પોલીસ જવાનો દ્વારા ચુસ્ત બંદોબસ્ત પણ ગોઠવી દેવામાં આવ્યો છે.

### જિલ્લામાં સૌથી ઓછા મતદાર ધરાવતા ૧૦ બુથ

| બેઠક | પોલીંગ સ્ટેશનના નામ | પુરૂષ | સ્ત્રી | કુલ |
|---|---|---|---|---|
| દહેગામ | ઓતમપુરા | ૧૮૧ | ૧૭૫ | ૩૫૬ |
| દહેગામ | દેવકરણના મુવાડા-૭ | ૧૯૯ | ૧૮૭ | ૩૮૬ |
| ગાંધીનગર(દ) | મગોડી-૫(રતનપુર લાટ) | ૧૧૦ | ૧૦૪ | ૨૧૪ |
| ગાંધીનગર (દ) | ચાંદખેડા-૪૨ | ૧૩૦ | ૧૨૭ | ૨૫૭ |
| ગાંધીનગર(ઉ) | સેક્ટર-૯ | ૧૨૮ | ૯૮ | ૨૨૬ |
| ગાંધીનગર(ઉ) | સેક્ટર-૧૭ | ૨૦૨ | ૧૬૮ | ૩૭૦ |
| માણસા | સોલૈયા-૨ | ૧૧૧ | ૧૨૦ | ૨૩૧ |
| માણસા | મોતીપુરા(વે) | ૧૧૬ | ૧૨૯ | ૨૪૫ |
| કલોલ | છત્રાલ-૮ | ૧૭૬ | ૧૬૧ | ૩૩૭ |
| કલોલ | કલોલ-૩૨ | ૧૯૮ | ૧૭૯ | ૩૭૭ |

જિલ્લામાં પહેલીવાર પાંચ સખી મતદાન મથકો બનાવવામાં આવ્યા છે. જ્યાં બધાજ કર્મચારીઓ તરીકે મહિલાઓ હશે. દરેક વિધાનસભા દીઠ એક સખી મતદાન મથક બનાવવામાં આવ્યુ છે.

જિલ્લામાં આ ચૂંટણી અભિયાનમાં ૩૭૫ જેટલી જુદી જુદી મંજૂરીઓ આપવામાં આવી હતી. જિલ્લામાં ફલાઈંગ સ્કવોડ અને સ્ટેટીક સર્વેલન્સ ટીમો દ્વારા વધુ પડતા નાણાંની હેરાફેરી કરતા ૪ કેસ પણ દાખલ કરવામાં આવ્યા છે. જિલ્લામાં દારૂબંધીના ભંગ બદલ મોટા જથ્થામાં દારૂ પણ પકડાયો છે.

### જિલ્લામાં ક્યાં પાંચ સખી મતદાન મથકો

| | |
|---|---|
| દહેગામ | મ્યુનિ ગર્લ્સ હાઈસ્કૂલ |
| ગાંધીનગર(દ) | અડાલજ ગુજરાતી પ્રા. શાળા (નવી) |
| ગાંધીનગર (ઉ) | સેક્ટર-૨ સરકારી પ્રા. શાળા |
| માણસા | શેઠ એસ.એચ. સાયન્સ કોલેજ |
| કલોલ | પ્રા. શાળા નં. ૮ કલોલ-૩૫ |

જિલ્લામાં ૧૩૪૨ મતદાન મથકો છે. આ ચૂંટણી માટે ૧૬૧૩ બેલેટ યુનિટ, ૧૫૪૭ કંટ્રોલ યુનિટ અને ૧૮૧૫ વીવીપેટ મશીનો પંચ દ્વારા પાંચેય વિધાનસભા બેઠકો માટે પુરા પાડવામાં આવ્યા છે.

જિલ્લામાં સૌથી વધુ મતદાન મથકો ગાંધીનગર (દ) બેઠક પર ૩૪૧ છે. દહેગામમાં ૨૫૬, ગાંધીનગર(ઉ)માં ૨૩૫, માણસામાં ૨૬૩ અને કલોલમાં ૨૪૭ મતદાન મથકો છે.

આ મતદાન મથકોમાંથી મોટાભાગના મતદાન મથકો સરકારી સંકુલોમાં આવેલા છે. જિલ્લામાં વીવીપેટ સાથે બીજીવાર મતદાન થઈ રહ્યું છે. જિલ્લામાં સંવેદનશીલ અને ક્રીટકલ મતદાન મથકો પર વધુ સઘન બંદોબસ્ત તેમજ પેરા મિલટરી ફોર્સના જવાનોને તૈનાત કરવામાં આવ્યા છે. જિલ્લામાં ૧૨૫ જેટલા માઈક્રો ઓબ્ઝર્વર દ્વારા પણ તેમની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. જિલ્લાની પાંચેય બેઠક પર મતદાન સંપૂર્ણ થયા બાદ મોડી રાત્રે અથવા બીજા દિવસે સવારે મતપેટીઓ સ્ટ્રોંગ રૂમમાં સિલ કરી દેવામાં આવશે. આ માટે ત્રિસ્તરીય પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવનાર છે.

# નશાબંધીના ભંગ બદલ રાજ્યમાં ૨૬ હજાર ૯૧૩ વ્યક્તિઓની ધરપકડ થઈ

ગાંધીનગર, તા. ૧૩

રાજ્યમાં ચૂંટણી જાહેર થઈ ત્યારથી લઈ ગઈકાલ સુધીમાં રૂ. ૫૩ કરોડનો દારૂ અને વાહનો પોલીસ તંત્ર દ્વારા જપ્ત કરવામાં આવેલ છે. તેમજ નશાબંધીના ભંગ બદલ ૨૬,૯૧૩ વ્યક્તીઓની ધરપકડ કરવામાં આવી છે.

ચૂંટણી દરમિયાન કાયદો અને વ્યવસ્થા જળવાય તે માટે ચૂંટણી તંત્ર તથા જિલ્લા ચૂંટણી અધિકારીઓ દ્વારા આગોતરા પગલાં લેવામાં આવ્યા છે. પ્રાપ્ત વિગતો મુજબ રાજ્યમાં કુલ ૫૬,૪૯૦ પરવાનેદાર હથિયારધારકો છે. જે પૈકી જિલ્લા કલેક્ટરના અધ્યક્ષપદે રચાયેલી સ્થાનિક રિવ્યુ કમિટિ દ્વારા સમીક્ષા બાદ કુલ ૫૧,૯૭૪ પરવાનાવાળા હથિયારો જમા કરાવવામાં આવ્યા છે. રાજ્યમાં ચૂંટણી સંબંધી તકેદારીના પગલાંના ભાગરૂપે પોલીસ તંત્ર દ્વારા કુલ ૬૦,૯૮૯ બિનજામીનપાત્ર વોરંટની બજવણી કરવામાં આવી છે.

રાજ્યમાં વિધાનસભાની ચૂંટણી જાહેર કરવામાં આવી ત્યારથી અત્યાર સુધીમાં તંત્ર દ્વારા પાડવામાં આવેલા દરોડામાં દેશી-વિદેશી દારૂ તેમજ તે કેસમાં જપ્ત વાહનો-અન્ય સામગ્રી મળી કુલ રૂ. ૫૨,૯૭ કરોડની રકમનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. નશાબંધીના ૩૩,૧૯૧માં કાર્યવાહી કરીને ૨૬,૯૧૩ વ્યક્તિઓની ધરપકડ કરવામાં આવી છે. જ્યારે ક્રિમીનલ પ્રોસીઝર કોડની વિવિધ કલમો અન્વયે કુલ ૧,૫૯,૪૮૬ વ્યક્તિઓ સામે અટકાયતી પગલાં લેવાયા છે.

### ગાંધીનગરમાં કોણ ક્યાં મતદાન કરશે

| | |
|---|---|
| ઓ.પી. કોહલી (મહામહિમ રાજ્યપાલશ્રી) | સે. ૨૦ પ્રા. શાળા, ગાંધીનગર |
| હીરાબા પ્રધાનમંત્રીના માતૃશ્રી | સે. ૨૨, પ્રાથમિક શાળા, ગાંધીનગર |
| માધવસિંહ સોલંકી પૂર્વ મુખ્યમંત્રી | જુની કોમર્સ કોલેજ, સે. ૨૦, ગાંધીનગર |
| સુરેશ મહેતા પૂર્વ મુખ્યમંત્રી | જુની કોમર્સ કોલેજ, સે. ૨૦, ગાંધીનગર |
| વાડીભાઈ પટેલ પૂર્વ સહકાર મંત્રી | સરઢવ પ્રાથમિક શાળા, જિ. ગાંધીનગર |

# વિધાનસભાની ૧૮૨ બેઠકો માટે રાજ્યભરમાં ૩૭ સ્થળોએ મતગણતરી કેન્દ્રો શરૂ કરાશે

ગાંધીનગર, તા. ૧૩

ભારતના ચૂંટણી પંચની સૂચના મુજબ દરેક મતદાર વિભાગવાર એક મતગણતરી કેન્દ્ર બનાવવામાં આવે છે. જેમાં મહત્તમ ૧૪ ટેબલ ગોઠવવામાં આવે છે. આ મતગણતરી કેન્દ્ર પોલેડ ઈવીએમ સ્ટ્રોંગ રૂમની બાજુમાં જ રાખવામાં આવે છે. ભારતના ચૂંટણી પંચે આપેલ માર્ગદર્શક સૂચના અનુસાર ભારતના ચૂંટણી પંચના અધિકારીઓના સીધા માર્ગદર્શન હેઠળ અમદાવાદ પોલીટેકનીક ખાતે એક ‘આદર્શ મતગણતરી કેન્દ્ર’ બનાવવામાં આવ્યુ હતુ જેનુ નિદર્શન તમામ જિલ્લાના જિલ્લા ચૂંટણી અધિકારીઓ સમક્ષ તા. ૨ ડિસેમ્બર, ૨૦૧૭ના રોજ કરવામાં આવ્યુ હતુ અને આ ‘આદર્શ મતગણતરી કેન્દ્ર’ને ધ્યાનમાં લઈને દરેક જિલ્લામાં મતગણતરી કેન્દ્રો બનાવવા સૂચના આપવામાં આવી હતી.

જિલ્લાઓ તરફથી મળેલ દરખાસ્તો ભારતના ચૂંટણી પંચ સમક્ષ રજૂ કરવામાં આવી હતી અને ભારતના ચૂંટણી પંચ તરફથી મળેલ અનુમતિ અનુસાર રાજ્યના ૧૮૨ વિધાનસભા મતવિસ્તારો માટે કુલ ૩૭ સ્થળોએ મતગણતરી કેન્દ્રો બનાવવામાં આવશે જેમાં અમદાવાદ ખાતે એલ.ડી. એન્જીનિયરીંગ કોલેજ ખાતે (૮ વિધાનસભા મતવિસ્તાર), ગુજરાત કોલેજ ખાતે (૭ વિધાનસભા મતવિસ્તાર) અને પોલીટેકનીક ખાતે (૬ વિધાનસભા મતવિસ્તાર)ની મતગણતરી હાથ ધરવામાં આવશે. ઉપરાંત સુરત અને આણંદ ખાતે ૨-૨ સ્થળોએ તેમજ બાકીના તમામ જિલ્લાઓ માટે ૧-૧ સ્થળે તે જિલ્લામાં સમાવિષ્ટ વિધાનસભા મતવિસ્તારો માટે મતગણતરી કેન્દ્રો બનાવવામાં આવ્યા છે.

# ચૂંટણી પછી હાર્દિકને એકલો પાડી દેવાનો કારસો ઘડાયો

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ભાજપને હરાવવા માટે મેદાને પડેલા હાર્દિક પટેલની નેતાગીરીને ’પાસ’ની કોર કમિટિ જ પડકારી રહી છે. પ્રાપ્ત માહિતી અનુસાર આ ચૂંટણીના પરિણામ જે આવે તે પરંતુ જેવી ચૂટણી પતશે કે થોડા જ સમયમાં પાટીદાર અનામત આંદોલન સમિતિમાં બે તડા પડી જશે. કારણકે હાલમાં ’પાસ’માં રહેલા કોર કમિટીના આગેવાનો ચૂંટણી પછી હાર્દિકની આગેવાની સ્વીકારવાનાં મૂડમાં ન હોવાનું જાણવા મળે છે. સૂત્રોનું કહેવું છે કે, કોંગ્રેસ ચૂંટણીના પરિણામમાં પાસ થાય કે નપાસ, હાર્દિક પટેલને ’પાસ’થી દૂર કરવાનું આયોજન ગોઠવાયું છે.

બીજી તરફ હાર્દિક પણ આ બાબતથી જાણકાર હોવાનું અને તે અંગે પોતાની તૈયારીઓ કરતો હોવાનું સૂત્રોનું કહેવું છે. પાટીદાર સમાજના આંતરિક સૂત્રોના જણાવ્યા મુજબ હાલમાં હાર્દિકની સભામાં ઉમટી રહેલી હજારોની ભીડને



પાટીદારોની ભીડ તરીકે ખપાવી દેવામાં આવી રહી છે.

ચૂંટણી સુધીનો સમય સંવેદનશીલ હોવાને કારણે હાર્દીકના વલણની સંપુર્ણ વિરૂદ્ધમાં રહેલા પાટીદાર સમાજ અને તેના ચોક્કસ અગ્રણીઓ અનામત આંદોલનની દોર પોતાના હાથમાં લેવાનું ટાળી રહ્યા છે. પરંતુ ચૂંટણીના પરિણામ બાદ હાર્દિક પટેલને પાટીદાર અનામત આંદોલનના આગેવાન પદેથી હટાવી દેવાનું આયોજન ગોઠવાઈ ગયું છે. જો કોંગ્રેસ જીતી જાય તો સ્વાભાવિકપણે કોંગ્રેસની સરકારમાં પાટીદાર અનામત આંદોલનને વધુ ઉગ્ર બનાવવામાં આવશે.

